## વડીલોને વંદન અભિનંદન



કુસુમબાળા ચંદ્રકાન્ત ત્રિવેદી
(૧૯૩૮) ફોન: ૨૩૨૪૦૦૬૦

## હિંમતનગરની વિદ્યાનગરીમાં એઈડસ જાગૃતિનો કાર્યક્રમ યોજાયો

હિંમતનગર, તા.૧૧

હિંમતનગર ખાતે આવેલ કોલેજ ઓફ એજયુકેશન વિદ્યાનગરી ખાતે તાજેતરમાં અઈડસ જાગૃતિ અંગેનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ઉપસ્થિત તાલીમાર્થીઓને એઈડસ અંગે સવિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.

હિંમતનગરની વિદ્યાનગરી કોલેજ ખાતે **NACO** સંચાલિત **H.L.L. LIFE** દ્વારા તાજેતરમાં એઈડસ જાગૃતતા અંગેનો કાર્યક્રમ રજુ કરવામાં આવ્યો હતો. જેમાં એચ.આઈ.વી. એઈડસનો ફેલાવો કેવી રીતે થાય છે તેમજ એચ.આઈ.વી. ચેપથી બચવાના ઉપાયો વિશે વિસ્તૃત માહિતી આપી હતી. જેમા નિરવ કટારાએ પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા ઉપસ્થિત તાલીમાર્થીઓને એઈડસ અંગે વિશેષ જાણકારી આપી હતી. આ કાર્યક્રમમાં બી.એડ. કોલેજના સ્ટાફ પ્રિન્સીપાલ અલકાબેન શાહ તેમજ અભ્યાસ કરતા તાલીમાર્થી મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં.

## જીયારત

ગાંધીનગર, તા.૧૧

પ્રાંતિજના સામાજિક કાર્યકર અને મુસ્લિમ અગ્રણી કોંગ્રેસી આગેવાન સ્વ. હાજી બાબુભાઈ મનસુરીની જીયારત આજે તા.૧૨મી ફેબ્રુઆરી ૨૦૧૩ને મંગળવારે સવારે ૯ કલાકે ફતેહ ઈસ્લામ મસ્જીદ ખાતે કરવામાં આવી છે તેમ સફરભાઈ બાબુભાઈ મનસુરીએ જણાવ્યું છે.

# ૭૪ નગરપાલિકાઓની ચૂંટણીના આજે પરિણામ : બપોર સુધીમાં પરિણામો આવી જશે

ગાંધીનગર, તા. ૧૧

રાજયની ૭૪ નગરપાલિકાઓની ગઈકાલે યોજાયેલી ચૂંટણીઓની આવતીકાલે મતગણતરી હાથ ધરાનારી હોઈ ભાજપ-કોંગ્રેસની આ પરીણામો પર મીટ મંડાઈ છે.

રાજયની ૭૪ નગરપાલિકાઓની સામાન્ય અને સાત નગરપાલિકાઓની પેટા ચૂંટણીઓ યોજાઈ હતી જેમાં ૭૫ ટકાથી વધુ મતદાન નોધાવા પામ્યું હતું. આ ચૂંટણીઓની આવતીકાલે મતગણતરી હાથ ધરવામાં આવનાર છે. આ ચૂંટણીમાં ઈ.વી.એમ. મશીનનો ઉપયોગ કરવામાં આવ્યો હોઈ બપોર સુધીમાં તમામ ચૂંટણી પરીણામો બહાર આવી જશે.

ગુજરાત વિધાનસભાની તાજેતરમાં યોજાયેલી ચૂંટણીમાં પરાજય મળ્યા બાદ ગુજરાત કોંગ્રેસ માટે ૭૪ નગરપાલિકાઓની ચૂંટણી પ્રતિષ્ઠાનો જંગ બની હોઈ આ ચૂંટણી જંગ જીતવા કોંગ્રેસે એડીચોટીનું જોર લગાવ્યું હતું.

આવતીકાલે નગર પાલિકાઓની ચૂંટણીના પરિણામો જાહેર થનાર છે ત્યારે આ પરિણામો કોંગ્રેસ તરફી આવશે કે કેમ એ બાબતને લઈને કોંગ્રેસની પ્રદેશ નેતાગીરી હાલ ચીતીંત બની છે. જો કે આવતીકાલે પરિણામો જાહેર થનાર હોઈ ભાજપ અને કોંગ્રેસ બન્ને પક્ષોની નજર આવતીકાલના પરિણામો પર મંડાયેલી છે.

નગરપાલિકાઓની ચૂંટણીઓની મતગણતરી આવતીકાલે હાથ ધરાનારી હોઈ મતગણતરી દરમ્યાન કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે સાવચેતીના પગલારૂપે મતગણતરી કેન્દ્રો પર સઘન સુરક્ષા બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. તેમજ મતગણતરી કેન્દ્રોમાં માત્ર ઉમેદવારો અને તેમના ટેકેદારો સિવાય કોઈને પણ પ્રવેશ આપવામાં આવનાર નહી હોવાનું જાણવા મળે છે.

# તલાટીઓને લાખા વણજારા બનવાની સલાહ આપનાર ક્યાં ખોવાઈ ગયા છે ? : કોગ્રેંસ

અમદાવાદ, તા.૧૧

ગુજરાત પ્રદેશ કોગ્રેંસના પ્રવક્તા જયરાજસિંહ પરમારે વિવિધ ઉત્સવો પાછળ કરોડો રૂપિયા ખર્ચ કરનારા મુખ્યમંત્રીએ પોતાની વ્યક્તિગત પ્રતિભાને રાષ્ટ્રીય કક્ષાએ ઉપસાવવા માટે રાજયની તિજોરી તળિયાઝાટક કરી દીધા હોવાનો આક્ષેપ કરતા જણાવ્યું છે કે ગત વર્ષે સપ્ટેમ્બર મહિનામાં ગાંધીનગર ખાતે મહાત્મા મંદિર ખાતે મળેલી પંચાયત તલાટી મંત્રીઓને કાર્યશિબિરમાં એકંદરે રૂપિયા ૧૦૦૦નું ખાસ ભથ્થું રાજય સરકાર તરફથી મળશે એવી જાહેરાત કરી હતી. પરંતુ આજે સ્થિતિ એ છે કે રાજય સરકાર તલાટીઓને પગાર પણ ચૂકવી શકે તેમ નથી. જયરાજસિંહે જણાવ્યું છે કે, ગત વર્ષે ૩૦મી સપ્ટેમ્બરના રોજ મુખ્યમંત્રીએ મોટા ઉપાડે એવી જાહેરાત કરેલી કે તલાટી કમ મંત્રીઓએ રાજયના વિકાસ કાર્ય માટે આપેલા અમુલ્ય યોગદાન માટે તેમને વર્ષોથી મળતા માસિક રૂપિયા એકસો ના ખાસ ભથ્થામાં રાજય સરકાર નવસો ગણો વધારો કરીને તેમને માસિક રૂપિયા ૧૦૦૦ ખાસ ભથ્થું આપશે. આ ઉપરાંત ગુજરાતના અન્ય કર્મચારીઓને મળે છે એ ધોરણે પંચાયતના તલાટી કમ મંત્રીને પણ વાહન ભથ્થું પણ મળશે.

જયરાજસિંહે જણાવ્યું હતું કે, રાજયના પંચાયત તલાટી કમ મંત્રીઓની આ કાર્યશિબિરમાં ગુજરાતના મુખ્યમંત્રીએ પંચાયતના તલાટીઓને પોતે જ પોતાના ગામના લાખા વણઝારા થવાની સુફિયાણી સલાહ આપતા તલાટીઓને એવી હૈયાધારણ આપેલી કે રાજય સરકાર તેમની સેવાઓ બદલ તેમના ભથ્થા અને અન્ય સગવડો વધારી આપશે. પણ આજે એ જાહેરાતો પોકળ સાબિત થવાને કારણે પંચાયતોમાં કામ કરી રહેલા હજારો તલાટી કમ મંત્રીઓ હવે છેતરાયાની લાગણી અનુભવે છે. જયરાજસિંહે જણાવ્યું હતું કે પોતાની અંગત પ્રસિદ્ધિ માટે કેન્દ્ર સરકાર તરફથી મોકલવામાં આવતી કરોડો રૂપિયાની ગ્રાન્ટો મુખ્યમંત્રી હેતુફેર કરીને વાપરી રહ્યા છે. આ ગ્રાન્ટનો ઉપયોગ રાજય સરકાર હવે દેવાળું કાઢ્યું હોવાથી તલાટીઓના પગાર કરવામાં વાપરી રહી હોવાથી જિલ્લા કે તાલુકાના વિકાસ માટે આવેલી ગ્રાન્ટનો મોટાભાગ વપરાઈ જાય છે અને જયારે કોન્ટ્રાકટરોને નાણાં ચૂકવવાનો વખત આવે ત્યારે સરકાર નાણાં ચૂકવી શકતી નથી, જેથી મોટાભાગના કામો થતા જ નથી.

ગુજરાત સરકારની સલામતી માટે સતત ઉજાગરા કરતી પોલીસને પણ પગાર થયો નથી અને નાના પોલીસ કર્મચારીના ઘરે રાસન-પાણીના પણ પ્રશ્નો ઉભા થયા છે ત્યારે આવા આ સરકાર વડાપ્રધાન બનવાના સ્વપ્રોત્સવ માંથી બહાર આવી નાના કુટુંબોની ચિંતા કરશે કે કેમ?

# હાઈસ્પીડ રેલ માટે જોગવાઈ કરવા નરેન્દ્ર મોદીની માંગણી

અમદાવાદ,તા. ૧૧

ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ આજે કહ્યુ હતુ કે રેલવે બજેટમાં હાઈસ્પીડ રેલ માટે નક્કર જોગવાઈ કરવામાં આવે તે જરૂરી છે. મહત્વકાંક્ષી પ્રોજેક્ટને વેગ આપવા મોદીએ રજુઆત કરી હતી. કેન્દ્રના આગામી બજેટના સંબંધમાં વાતચીત કરતા મોદીએ કહ્યુ હતુ કે હાઈસ્પીડ રેલના સંબંધમાં ગંભીરતાપૂર્વક ધ્યાન આપવામાં આવશે. આ બાબતમાં તમામ ગણતરી ચાલી રહી છે. અમદાવાદમાં જાપાન દ્વારા ભારતમાં આયોજિત બીજા એચએસઆર પરિસંવાદમાં બોલતા મોદીએ આ મુજબની વાત કરી હતી. તેમણે કહ્યુ હતુ કે જો તમામ બાબતો યોગ્યરીતે આગળ વધશે તો ગુજરાત સરકાર ક્યારે પણ પીછેહઠ કરશે નહીં. પ્રતિષ્ઠિત પ્રોજેકટમાં તેના યોગદાન આપવાથી સરાકર પીછેહઠ કરશે નહીં.

તમામ પ્રાકારના નાણાંકીય અને લોજીસ્ટીક મદદ કરવામાં આવશે. વડાપ્રધાન મનમોહનસિંહના નેતૃત્વ હેઠળ એક પ્રોજેક્ટ સ્ટેરીંગ ગ્રુપની રચના કરવામાં આવી છે જે હાઈસ્પીડ રેલવે અમલીકરણ માટે યોગ્ય ફાઈનાન્સિયલ મોડલની શોધમાં છે. મોદીએ એમ પણ કહ્યુ હતુ કે ભારતમાં ઓળખી કાઢવામાં આવેલા હાઈસ્પીડ રેલવે કોરીડોર પૈકી અમદાવાદ-મુંબઈ-પૂણે આર્થિકરીતે સૌથી મહત્વપૂર્ણ કોરિડોર છે. દિલ્હી-મુંબઈ ઈન્ડસ્ટ્રીયલ કોરિડોરમાં ગુજરાતની ભૂમિકા મહત્વપૂર્ણ રહી છે. દેશમાં છ હાઈસ્પીડ કોરિડોરની ઓળખ કરવામાં આવી છે જેમાં આને સૌથી પ્રાથમિકતાના આધારથી મહત્વ આપવાની મોદીએ રજુઆત કરી હતી. લેન્ડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ટ્રાન્સપોર્ટ એન્ડ ટ્યુરિઝમ જાપાન દ્વારા ભારતમાં એચએસઆર અંગે પરિસંવાદનું આયોજન કરાયુ હતુ. ૧૯૮૦ બાદથી એચએસઆરની બાબત માત્ર કાગળ ઉપર જ રહી છે. મોદીએ એમ પણ કહ્યુ હતુ કે અમે તમામ જાણીએ છીએ કે પશ્ચિમ રેલવે ભારતીય રેલવે માટે સૌથી વધુ મહેસુલી આવક કરનાર પ્રદેશ તરીકે છે. પશ્ચિમ રેલવેની અંદર મહત્તમ આવક અમદાવાદમાંથી આવે છે.

## શબ્દાવલી - ૪૯૭૬

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | ■ | ૪ | | |
| ૫ | | | ■ | ૬ | | ■ | ■ |
| | ■ | ■ | ■ | ૭ | | | ૮ |
| ■ | ૯ | ■ | ■ | ૧૦ | | ■ | |
| ૧૧ | | | | ■ | ૧૨ | ૧૩ | |
| ૧૪ | | ■ | ■ | ૧૫ | | | ■ |
| | ■ | ૧૬ | ૧૭ | | ■ | ૧૮ | ૧૯ |
| ૨૦ | | ■ | ૨૧ | | | ■ | |

### આડી ચાવી

૧. વન્ય પ્રાણી (૪)
૪. ચારણી, ચાળવાનું સાધન (૩)
૫. બીકણ (૩)
૬. દેવનું મંદિર હોય, ...નીદરગાહ (૨)
૭. ખુલાસો, સ્પષ્ટતા (૪)
૧૦. વેઈટરને અપાતી બક્ષિસ (૨)
૧૧. નામશેષ થયેલ વસ્તુના કોઈ ભાગ મળે તેને... કહેવાય (૪)
૧૨. અકાલ (૩)
૧૪. રાન, વગડો (૨)
૧૫. તાંસળુ (૩)
૧૬. સમુળગુ, બધુ જ (૩)
૧૮. ...મુકવી, હડી કાઢવી (૨)
૨૦. ચંદ્ર (૨)
૨૧. આંબલીયો (૩)

### ઊભી ચાવી

૧. વિના, સિવાય (૩)
૨. આકાશ (૨)
૩. જૂના જમાનામાં ધન...માં મૂકી જમીનમાં દાટી દેતા (૨)
૪. હરખુડા (૬)
૬. પેચુટી, શરીરનું એક અવયવ (૩)
૮. પત્ર, ખત (૩)
૯. કાવ્ય, કવિતા (૩)
૧૧. સમય, જગ્યા (૪)
૧૩. લૉ, કાનૂન (૪)
૧૫. કડવું (૩)
૧૭. ઘરમાં હવા ઉજાસ માટે થોડીક ખુલ્લી છોડાતી જગ્યા (૨)
૧૮. મુંડન કરેલો, ટાલવાળો (૨)

### શબ્દાવલી ૪૯૭૫ના જવાબ

**આડી ચાવી :-** (૧) પરોક્ષ (૩) લોબાન (૫) મારીચ (૭) ખર (૯) વાસ્તુ (૧૧) જનક (૧૨) રતી (૧૩) રદ (૧૪) જમરૂખ (૧૭) ફરિયાદ (૧૯) મણીયારો (૨૧) દામણી (૨૨) માપ

**ઊભી ચાવી :-** (૧) પરિવાર (૨) ક્ષમા (૩) લોચન (૪) નખ (૬) રીજ (૮) રસીદ (૧૦) સ્તુતિ (૧૪) જયાપ્રદા (૧૫) મદ (૧૬) ખમણી (૧૭) ફરાર (૧૮) આરોપ (૧૯) મણી (૨૦) યાત્રા



ગુજરાત સરકાર દ્વારા ખેલ મહાકુંભ અંતર્ગત રાજયકક્ષાની ભાઈઓની કબડ્ડીની સેમી ફાઈનલ સ્પર્ધા સમી ખાતે એ.પી.એમ.સી.ના મેદાન પર યોજાઈ હતી. રાજયભરમાંથી અન્ડર-૧૬ ભાઈઓની ૩૩ ટીમો અને ઓવર-૧૬ ભાઈઓની ૩૩ મળી કુલ ૬૬ ટીમોઓએ ભાગ લીધો હતો. રાજયકક્ષાની ભાઈઓની અંડર-૧૬ કબડ્ડીની સેમી ફાઈનલમાં અમદાવાદની સીટી અને વડોદરા સીટી વિજેતા બની હતી. અને ભાઈઓની ઓવર-૧૬ કબડ્ડીની સેમી ફાઈનલમાં અમદાવાદની સીટી અને ભરૂચની ટીમ વિજેતા બની હતી. આ ટીમો આગામી તારીખ ૧૨/૦૨/૨૦૧૩ના રોજ સવારે ૯-૦૦ કલાકે અમદાવાદ ખાતે ફાઈનલ મેચ રમશે. આ સ્પર્ધાઓ જિલ્લા રમત-ગમત અધિકારીની કચેરી, પાટણ દ્વારા સંચાલન કરવામાં આવી હતી. આ સ્પર્ધાઓ તા. ૦૬/૦૨/૨૦૧૩ થી તા. ૦૯/૦૨/૨૦૧૩ સુધી યોજવામાં આવી હતી. આ સ્પર્ધાના નોડલ અધિકારીશ્રી અશોક દેશપાંડે, સહાયક નોડલ અધિકારીશ્રી કિરણભાઈ પટેલે સેવાઓ આપી હતી. આ સ્પર્ધાના ખેલાડીઓને જિલ્લા વહીવટી તંત્ર અને જિલ્લા રમત-ગમત અધિકારીની કચેરી દ્વારા રહેવા-જમવાની સારી સુવિધા પુરી પાડવામાં આવી હતી.

## સુરંગ મળી

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

બ્લાસ્ટના આરોપીઓ હાલ રહેલા છે. એફઆઈઆર દાખલ કરી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. ગઈકાલે જેલના સત્તાવાળાઓને બેરેક નંબર ૪માં બે કેદીઓની શંકાસ્પદ હિલચાલને લઈને તપાસ હાથ ધરાઈ હતી. બેરેક નંબર ૪ને છોટા ચક્કર તરીકે પણ ગણવામાં આવે છે. તપાસ કરવામાં આવતા બેરેકની અંદરથી સુરંગ મળી આવી હતી. અમદાવાદ સિરિયલ બોમ્બ બ્લાસ્ટ કેસના ૬૮ આરોપીઓ પૈકી ૧૪ આરોપીઓ અહીં આ બેરેકમાં રહેલા છે. આ સુરંગ ખોદવાનું કામ ક્યારથી ચાલી રહ્યુ હતુ તે મામલે તપાસ હાથ ધરવામાં આવી છે. ૨૬મી જુલાઈ ૨૦૦૮ના દિવસે અમદાવાદ શહેરમાં સિરિયલ બોમ્બ બ્લાસ્ટ થયા હતા જેમાં ૫૭ લોકોના મોત થયા હતા. બ્લાસ્ટના તમામ આરોપીઓ સાબરમતી સેન્ટ્રલ જેલમાં છે. સુરક્ષાના કારણોસર જેલના પ્રાંગણમાં જ તપાસ કરવામાં આવી રહી છે. પારઘીએ કહ્યુ છે કે કોઈ પણ પ્રકારના હથિયારો મળી આવ્યા નથી. પરંતુ આરોપીઓએ ડિનર પ્લેટ અને લાકડાઓનો ઉપયોગ કરીને સુરંગ ખોદી હોવાનું જાણવા મળ્યુ છે. આ આરોપીઓ બેરેકની અંદર ગાર્ડિયનનું કામ કરી રહ્યા હતા. દરમિયાન જેલના આઈજી પીસી ઠાકુરે કહ્યુ છે કે તેમની પસંદગીનું કામ કરવા દરરોજ ત્રણ કલાકનો સમય આપવામાં આવે છે. આ સમયનો ઉપયોગ જ આ સુરંગ ખોદવા માટે કરવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યુ છે. તેમણે દાવો કર્યો હતો કે જો સુરંગ ખોદાઈ ગઈ હોત તો પણ ભાગવાની બાબત અશક્ય હતી કારણ કે બેરેકની આસપાસ દિવાલ ૨૧ ફૂટ ઉંચી છે. અને ૨૦ ફુટ ઉંડી છે. બનાવની જાણ થતા રાજ્યના જેલ આઈજી પીસી ઠાકુર, જેસીપી સીટી ક્રાઈમબ્રાંચ હિમાંશુ શુક્લા, અન્ય અધિકારીઓ, ફોરેન્સીક સાયન્સના

# માણસા શહેરમાં તસ્કરોનો તરખાટ

## હિરાવાડી સોસાયટીના બંધ મકાનમાંથી રૂ. ૪૦ હજારની ચોરી

માણસા, તા.૧૧


અમદાવાદ જેવા મોટા શહેરોની માફક હવે માણસા શહેરમાં પણ ચોરીના બનાવ વધતા જાય છે. માણસા શહેરમાં ગાંધીનગર માણસા હાઈવે પર આવેલી હિરાવાડી સોસાયટીમાં બંધ મકાનમાં તસ્કરો હાથ ફેરો કરી પલાયન થઈ ગયા છે. ચાંદીના દાગીના મળી કુલ રૂપિયા ૪૦ હજારની મતાની ચોરી કરી રાત્રિના અંધકારમાં અલોપ થઈ ગયા હતા. આ ચોરી અંગે તસ્કરોને પકડવા માણસા પોલીસે તજવીજ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર માણસા શહેરમાં પ્રવેશતા જ હાઈવે પર આવેલી હિરાવાડી સોસાયટીમાં બંગલા નં. ૭માં રહેતા મોદી પ્રેરકકુમાર નટવરલાલ પોતાના પરિવાર સાથે સામાજીક પ્રસંગોએ બહારગામ ગયા હતા ત્યારે રાત્રિના સમયે તકનો લાભ ઉઠાવી ચોરીના ઈરાદે આવેલા ચોરોએ બંધ ઘરને નિશાન બનાવી મુખ્ય દરવાજાનું તાળું તોડી ઘરમાં પ્રવેશ કર્યો હતો. બાદમાં પલંગની નીચે પડેલા પતરાના ટ્રંક અને તિજોરીનું તાળું તોડી તેમાંથી ૨૩ હજાર રોકડા તેમજ બે જોડ ચાંદીના સેટ રૂ. ૧૦ હજાર, ચાંદીની મૂર્તિ ૨



(તસવીર : મયુરધ્વજસિંહ વાઘેલા)

હજાર તથા ૩૫ ચાંદીના સિક્કા રૂ. ૫ હજાર મળી કુલ રૂ. ૪૦ હજારની મત્તાની ચોરી કરી રાત્રિના અંધકારમાં ભાગી ગયા હતા. જે બાબતની જાણ મકાન માલિકને સવારે થતા તેઓએ આ મામલે માણસા પોલીસ સ્ટેશને જાણ કરી ફરિયાદ નોંધાવી હતી જે બાબતે પોલીસે ગુનો નોંધી તસ્કરોને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે.



ગુજરાત રાજયની માહિતી ખાતાની જિલ્લા માહિતી કચેરી, પાટણ દ્વારા સમી તાલુકાના મુજપુર ગામ ખાતે શ્રીમતી વ્ય.મો. ત્રિવેદી -ાથમિક શાળાના -ાર્થના હોલમાં -દર્શન યોજવામાં આવ્યું હતું. જેનો ગામની કન્યા અને કુમાર -ાથમિક શાળાના બાળકોએ લાભ લીધો હતો. રાજય સરકારની વિવિધ યોજનાઓની જાણકારી, જિલ્લાના સ્થાપત્યોની તસ્વીરો નિહાળી વિદ્યાર્થીઓ આનંદવિભોર થયા હતા. આ માહિતી વિદ્યાર્થીઓની કારકિર્દીમાં ઉપયોગી થશે, તેમ કન્યા શાળાના આચાર્યશ્રી નાગરભાઈ મકવાણા અને કુમાર શાળાના આચાર્યશ્રી પરમાભાઈ કટારીયાએ જણાવ્યું હતું. આ -સંગે રાજય સરકારની વિવિધ યોજનાઓ અને સિધ્ધિઓ અંગેની પુસ્તિકાઓનું માહિતી ખાતા દ્વારા વિનામુલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું. જિલ્લા માહિતી કચેરી, પાટણ દ્વારા અંતરીયાળ ગામોમાં -દર્શન અને -કાશન વિતરણની કામગીરીની શિક્ષકોએ સરાહના કરી હતી.

## વિદ્યાર્થી સેનેટની આઠ બેઠક માટે ૨૬ ઉમેદવાર મેદાનમાં

ગુજરાત યુનિવર્સિટીની વિદ્યાર્થી સેનેટની ૨૪ ફેબ્રુઆરી યોજાનાર ચુંટણી માટે ચુંટણી ચિત્ર સ્પષ્ટ બની ગયું છે. આજે ઉમેદવારી પાછી ખેચવાનાં છેલ્લા દિવસે ૧૪ અપક્ષ ઉમેદવારોએ પોતાની ઉમેદવારી પાછી ખેંચી હતી. જેનાં કારણે હવે વિદ્યર્થી સેનટની આઠ બેન્કો બારે **ABVP** નાં આઠ **NSUI** નાં આઠ અને ૧૦ અપક્ષ ઉમેદવારો સહિત કુલ ૨૬ ઉમેદવારો મેદાનમાં રહ્યાં છે. ગુજરાત યુનિવર્સિટીની વિદ્યાર્થી સેનેટની ૨૪ ફેબ્રુઆરીએ ૧૦ બેઠકો માટે ચુંટણી યોજવાની હતી. જેના માટે કુલ ૪૬ ઉમેદવારોએ ફોર્મ ભર્યા હતા. જેમાંથી યુનિવર્સિટી દ્વારા ફોર્મ ચકાસણી સમયે પાંચ ઉમેદવારોના ફોર્મ રદ કરવામાં આવ્યા હતા. જયારે મેડીકલ બેઠક ઉપરથી કૃણાલ પટેલ બિનહરીફ જાહેર થયા હતા. જયારે આજે ઉમેદવારી પરત ખેંચવાના છેલ્લા દિવસે ૧૪ ઉમેદવારોએ પોતાના ફોર્મ પરત ખેચ્યા હતા. જેના કારણે યુનિવર્સિટીની આઠ બેઠકો માટે ૨૬ ઉમેદવારો મેદાનમાં રહ્યા છે. ઉલ્લેખનીય છે કે વિદ્યાર્થી સેનેટની મેડીકલ બેઠક કૃણાલ પટેલ બીનહરીફ જાહેર થયો છે. જયારે ડેન્ટલ વિભાગની બેઠકનાં ત્રણય ઉમેદવારોનાં ફોર્મ રદ થતાં વિદ્યાર્થી સેનેટની ૧૦માંથી આઠ બેઠકો માટે ૨૪ ફેબ્રુઆરીએ મતદાન યોજાશે.

## ઔડામાં સમાવેશ

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

મ્યુનિસિપલ કોર્પોરેશનની હદ સહિત પાંચ ગ્રોથ સેન્ટર સાણંદ, કલોલ, દહેગામ, મહેમદાવાદ અને બારેજા તથા ૧૬૯ ગ્રામ્ય વિસ્તારોનો સમાવેશ થાય છે.

શહેરમાં વસતા આર્થિક રીતે નબળા તથા મધ્યમ વર્ગના લોકોને પરવડી શકે તેવા મકાનો ઉપલબ્ધ કરાવવા સદરહુ વિકાસ યોજનામાં વિશિષ્ટ જોગવાઈ કરેલ છે. જે અન્વયે રીંગરોડથી બહારની તરફ ૧ કિ.મી. વિસ્તારમાં એફોર્ડેબલ હાઉસીંગ માટે વધુ જમીન ઉપલબ્ધ કરાવવા ખાસ ઝોનનું આયોજન કરી એફોર્ડેબલ હાઉસીંગ ઝોન આરએએચની રચના કરવામાં આવેલ છે. તેમજ સસ્તા દરે રહેઠાણના મકાનો ઉપલબ્ધ કરાવવા રાહત દરે વધારાના એફએસઆઈ ઉપલબ્ધ કરાવવા જીડીસીઆરમાં ખાસ જોગવાઈ કરવામાં આવેલ છે. સદર ઝોનમાં ૫૦ ચો.મી. સુધીના મકાનો માટે ચાર્જેબલ એફએસઆઈ જંત્રી દરના ૧૦ ટકા પ્રમાણે, ૫૦ થી ૬૬ ચો.મી. સુધીના મકાનો માટે જંત્રી દરના ૨૦ ટકા પ્રમાણે, ૬૬ ચો.મી.થી વધુ ૮૦ ચો.મી. સુધીના મકાનો તેમજ કોમર્શિયલ વપરાશ માટે ચાર્જેબલ એફએસઆઈ જંત્રી દરના ૪૦ ટકા પ્રમાણેના દર નક્કી કરવામાં આવેલ છે. અહીં ૧૫ લાખથી વધુ મકાનોનું આયોજન છે.

## સુરંગ ખોદી

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

બ્લાસ્ટથી હચમચી ઉઠ્યુ હતુ. આ બ્લાસ્ટમાં ૫૬ લોકોના મોત થયા હતા અને ૨૦૦ લોકો ઘાયલ થયા હતા. ૨૬મી જુલાઈ ૨૦૦૮ના દિવસે અમદાવાદ શહેરમાં માત્ર ૭૦ મિનિટના ગાળામાં જ ૨૧ બોમ્બ બ્લાસ્ટ થયા હતા. આ બ્લાસ્ટથી સમગ્ર અમદાવાદ જ નહીં બલ્કે ભારત પણ હચમચી ઉઠ્યુ હતું. ગુજરાતના વાણીજ્ય અને સાંસ્કૃતિક હાર્ટ બની ગયેલા અમદાવાદમાં લોકોમાં વ્યાપક દહેશત ફેલાઈ ગઈ હતી. આ બ્લાસ્ટ ઓછી તિવ્રતા વાળા હતા પરંતુ ભારે ખુવારી થઈ હતી. આ બ્લાસ્ટ મુખ્ય રીતે શહેરની બસ સેવાને ટાર્ગેટ બનાવીને કરવામાં આવ્યા હતા.

બે હોસ્પિટલના પ્રાંગણમાં પણ બ્લાસ્ટ થયા હતા. જેમાં સીવીલ હોસ્પિટલનો સમાવેશ થાય છે. શરૂઆતી બ્લાસ્ટ બાદ આશરે ૪૦ મિનિટમાં હોસ્પિટલમાં બ્લાસ્ટ થયા હતા. બે જીવતા બોમ્બ પણ ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્રના મત વિસ્તાર મણિનગરમાંથી મળી આવ્યા હતા. આ બ્લાસ્ટના એક દિવસ બાદ શહેરના હાટકેશ્વર વિસ્તારમાં પણ વધુ એક બોમ્બ નિષ્ક્રિય કરાયો હતો. દરમિયાન જેલમાં સુરંગ મળી આવવાની ઘટના બાદ અમદાવાદ સિરિયલ બ્લાસ્ટ કેસમાં ટ્રાયલ ચલાવી રહેલા એડિશનલ પ્રિન્સિપલ સેશન જજ જ્યોત્સના યાજ્ઞિક પણ જેલ પ્રાંગણમાં ચકાસણી માટે પહોંચ્યા હતા.

અધિકારીઓ પહોંચી ગયા હતા. બેરેકમાં રહેલા બોમ્બ બ્લાસ્ટના આરોપીઓમાં સાજિદ મંસુરી, યુનિસ મંસુરી, સમસહુદ શહાપુરવાલા, જાવેદ શેખ, કાદરી જુહાપુરવાલા, આરિફ કાદરી, ઉમર કાલા, ઉસ્માન અગરબત્તી, કયામુદીન અને મુફ્તી અબુ બસરનો સમાવેશ થાય છે. આ પ્લાનમાં માસ્ટરમાઈન્ડ તરીકે ઉસ્માન અગરબત્તીવાલા હોવાનું જાણવા મળ્યુ છે. સિરિયલ બ્લાસ્ટ કેસમાં ટ્રાયલ સાબરમતી જેલમાં જ ચાલી રહી છે. રાજ્ય સરકારે તમામ આરોપીઓ સામે સીઆરપીસીની કલમ ૨૬૮ લાગુ કરી છે. ૩૫થી વધુ એફઆઈઆર દાખલ થઈ ચુકી છે. ૨૪ આરોપીઓ હજુ ફરાર છે. રિયાઝ ભટકલ, મુફ્તી સુફિયાલ પતંગિયા હજુ ફરાર છે.

## ફાયનલ જંગ

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

સ્ટાર ખેલાડીઓ ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમમાં ખેલમહાકુંભ-૨૦૧૨માં જુદી જુદી ૨૧ રમતોમાં વિજેતા ખેલાડી તથા શારિરીક સક્ષમ ના હોય તેવા ખેલાડીઓ માટેની રમતમાં વિજેતા થયેલ ખેલાડીઓ તેમજ બીચ સ્પોર્ટસના વિજેતા ખેલાડી મળીને કુલ ૫૦૦૦ જેટલા ખેલાડીઓ વીક્ટરી લેપમાં ભાગ લેશે. આ કાર્યક્રમમાં ખેલમહાકુંભની વિવિધ ૨૧ રમતોમાં વિવિધ ૮ વય જુથ તેમજ સ્પેશ્યલ ખેલમહાકુંભમાં શારીરિક સક્ષમ ના હોય તેવા ખેલાડીઓ માટેની વિવિધ સ્પર્ધાઓમાં વયજુથમાં ચેમ્પિયન થયેલ જિલ્લાઓને મુખ્યમંત્રીશ્રીના વરદ હસ્તે શિલ્ડ અર્પણ કરીને પ્રોત્સાહિત કરવામાં આવનાર છે. તેમજ સમગ્ર ખેલમહાકુંભમાં સૌથી વધુ ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરનાર જિલ્લાને ઓવરઓલ ચેમ્પિયન શિલ્ડ અને બીજા ક્રમે આવનાર જિલ્લાને ઓવરઓલ રનર્સઅપ શિલ્ડ મુખ્યમંત્રીશ્રીના વરદ હસ્તે એનાયત કરવામાં આવશે.